<u>જાહેરનામું</u>

<u>ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે જાહેરનામું</u>

<u>ક્રમાંક વિશા/ઓ.એસ/ઇન્ટરનેટ/ ૨૩ /૨૦૧૬</u>

તા.૧૭.૦૪.૨૦૧૬ ના રોજ પાટીદાર અનામત આંદોલન અનુસંધાને મહેસાણા ખાતે SPG દ્વારા જેલ ભરો કાર્યક્રમની જાહેરાત કરવામાં આવેલ. આ કાર્યક્રમ દરમ્યાન કેટલાક બનાવો બનેલ છે. આ કાર્યક્રમ અંતર્ગત પાસ દ્વારા આવતી કાલ તા.૧૮/૦૪/૨૦૧૬ ના રોજ ગુજરાત બંધનું એલાન કરવામાં આવેલ છે.

અગાઉ તા.૨૫.૦૮.૨૦૧૫ ના રોજ અમદાવાદ શહેરમાં પાટીદાર અનામત આદોલન દરમ્યાનમાં કેટલાક ગંભીર પ્રકારના હિંસક બનાવો બનેલ હતા. જેથી આવતી કાલ તા.૧૮/૦૪/૨૦૧૬ ના રોજ પાસ દ્વારા જાહેર કરેલ ગુજરાત બંધના કાર્યક્રમ દરમ્યાન ફરીથી આ પ્રકારનો કાયદો અને વ્યવસ્થાનો પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે હેતુથી તેમજ સોશીયલ મીડીયાનો અસામાજીક તત્વો દ્વારા દુરૂપયોગ કરી અફવાઓનો પ્રવાહ ચાલુ ન થાય તે અમદાવાદ શહેરજનોની જાહેર સલામતી માટે ખુબ જરૂરી જણાય છે.

વાસ્તે, હું જે. કે. ભટ્ટ, I/C પોલીસ કમિશ્નર,અમદાવાદ શહેર, ફોજદારી કાર્યરીતી અધિનીયમ ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે મને મળેલ સત્તાની રૂએ નીચે મુજબનો હુકમ કરુ છું.

<u>કૃત્યો</u>

અમદાવાદ શહેર વિસ્તારમાં મોબાઇલમાં ઇન્ટરનેટ આપતી કંપનીઓએ તા.૧૭.૦૪.૨૦૧૬ ના રોજ કલાક ૧૮.૦૦ થી તા.૧૮.૦૪.૨૦૧૬ ના કલાક ૨૪.૦૦ દરમ્યાન તમામ મોબાઇલ સર્વિસ પ્રોવાઇડરો દ્વારા 2G, 3G તથા 4G ઇન્ટરનેટ સર્વિસ (લેન્ડ લાઇન બ્રોડબેન્ડ સિવાય) બંધ કરવા તેમજ મોબાઇલ ફોન પર ગ્રુપ એસ.એમ.એસ. તેમજ એમ.એમ.એસ. ની સુવિધા પણ ગ્રાહકો માટે પુરી પાડી શકશે નહીં. આ હુકમ તા.૧૭.૦૪.૨૦૧૬ ના રોજ કલાક ૧૮.૦૦ થી તા.૧૮.૦૪.૨૦૧૬ ના રોજ કલાક ૨૪.૦૦ સુધી અમલમાં રહેશે.

આ હુકમનો ભંગ કરનાર વ્યકતિ ભારતીય ફોજદારી અધિનીયમ સને ૧૯૬૦ ની કલમ-૧૮૮ મુજબ શિક્ષા ને પાત્ર થશે.

તમામને વ્યકતિગત રીતે નોટીસની બજવણી કરવી શક્ય ન હોય આથી એક તરફી હુકમ કરૂ છું કે, જાહેર જનતાની જાણ સારૂ સ્થાનિક વર્તમાનપત્રો, આકશવાણી અને દુરદર્શન કેન્દ્ર મારફતે પ્રસિધ્ધિ દ્વારા તથા પોલીસ સ્ટેશનના સિનીયર પોલીસ ઇન્સ્પેકટરશ્રી તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી તથા પોલીસ કમિશ્નરશ્રીની કચેરીના નોટીસ બોર્ડ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે, તેમજ સહેલાઇથી જોઇ શકાય તેવી જાહેર જગ્યાઓ ઉપર હુકમની નકલ ચોંટાડી પ્રસિધ્ધિ કરવામાં આવશે. ગુજરાત પોલીસ એકટ કલમ-૧૬૩ મુજબ પોલીસ અધિકારીઓ પણ આ હુકમની જાહેરાત કરવા અધિકૃત ગણાશે.

આજ તા.૧૭.૦૪.૨૦૧૬ ના રોજ મારી સહિ અને સિક્કા કરી આપ્યા.

પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

(જે. કે. ભટ્ટ)
I/C પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

પ્રતિ,

૧ સંચાલકશ્રી તમામ મોબાઇલ/ઇન્ટરનેટ સર્વિસ પ્રોવાઇડર ગુજરાત સર્કલ

૨ અમદાવાદ શહેરના તમામ થાણા ઇન્ચાર્જશ્રી (નકલ ચોંટાડી લાઉડ સ્પીકરથી વાહન દ્વારા જાહેરાત કરવા સારૂ)

૩. અધિક પોલીસ મહાનિદેશકશ્રી ઇંન્ટે ગાંધીનગર.

૪ પોલીસ કમિશ્નરશ્રી વડોદરા શહેર, રાજકોટ શહેર, સુરત શહેર.

૫ રજીસ્ટારશ્રી ગુજરાત હાઇકોર્ટ અમદાવાદ.

૬ કમિશ્નરશ્રી, માહિતી વિભાગ સચિવાલય ગાંધીનગર.

૭ મ્યુનિસીપલ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર.

૮ કલેકટર અને જીલ્લા મેજીસ્ટ્રેટ અમદાવાદ.

૯ મેનેજરશ્રી સરકારી પ્રેસ અમદાવાદ શહેર.

૧૦ ગેઝેટ ભાગ-૧ માં પ્રસિધ્ધ કરી તેની ૫૦ નકલો અત્રે મોકલી આપાવા સારૂ.